## આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા સોયાબીન પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને શુદ્ધ બીજ ઉત્પાદન વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગ યોજાયા

**************************************************

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા તારીખ ૧૧/૧૦/૨૦૨૨ ના રોજ ગામ : બાવકાં, તા- દાહોદ અને તારીખ ૧૨/૧૦/૨૦૨૨ ના રોજ ગામ : દેગવડા અને પાણિયા તા- લીમખેડા ખાતે **સોયાબીન પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને શુદ્ધ બીજ ઉત્પાદન** વિષય ઉપર કુલ ત્રણ ક્ષેત્રિય તાલીમ વર્ગ યોજાયા. આ તાલીમવર્ગની શરૂઆતમાં કેન્દ્રના ઇ.ચાં વડા ડૉ.વાય.બી.ચૌહાણ દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વિસ્તરણની પ્રવૃતિઓ વિષે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા તેમજ સોયાબીન પાકમાં મુખ્ય રોગ અને જીવાત વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. કાર્યક્રમની રૂપરેખા મુજબ શ્રી સંદીપ રાઠોડ દ્વારા વર્મીકમ્પોસ્ટ તેમજ પ્રાકૃતિક ખાતર બનાવવાની પધ્ધતિ, ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા સોયાબીન પાકની ખેતી પધ્ધતિ અને શુદ્ધ બીજ ઉત્પાદન તેમજ મૂલયવર્ધન જેવા જુદા જુદા વિષય ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું . ક્ષેત્રિય તાલીમ વર્ગ ની સાથે-સાથે સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો ક્લાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ. યોજના અંતર્ગત કેન્દ્રના વડા તેમજ સાથી વૈજ્ઞાનિકો દ્વારા સોયાબીન પાકોના નિર્દર્શનની મુલાકાત લેવામાં આવી. આ સમગ્ર પ્રોગ્રામનું સંકલન ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા કરવામાં આવેલ જે થકી ત્રણે ગામોનાં કુલ ૪૨ (૫૪ ભાઈઓ અને ૨૩ મહિલાઓ) ખેડૂતોએ ભાગ લીધેલ.




વૈજ્ઞાનિકો દ્વારા સોયાબીન પાકના નિર્દર્શનની મુલાકાત અને માર્ગદર્શન




